કચ્છી કડવા પાટીદાર પત્રિકા નાં ૩

પીરાણાપંથી પાટીદાર ભાઇઓને જાણવા જોગ.

મને કેટલાક ભાઇઓના તરફથી કહેવામાં આવે છે કે તમો ...ણુ લખો પણ મને તો ઉગમણાં પાચાડાવાળા પીરાણાપંથી ...થી પાટીદાર ભાઇઓનો "વિનંતી પત્ર" જે તા. ૨૧-૧૨-૩૬ના બહાર પાડવામાં આવ્યો છે, તે વાંચીને એક વિચારજ આવે છે કે—પીરાણાપંથી કણબી જ્ઞાતિના આગેવાનોને તો "પાડાના પુંછડે પાણી ઢોળો તોએ શું અને ન ઢોળો તોએ શું" જુઓને આજે કેટલાય દિલસથી સુધારકો તેઓને કેવી કેવી ઉપમાઓ આપી રહ્યા છે છતાંપણ તેઓતો જાણે કાંઇપણ જાણતાજ ન હોય તેમ હજીપણ પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવુંજ લોકોને મનાવી રહ્યા છે.

કચ્છમાંથી જે ગદેરાઓ આવ્યા છે તેઓએ સાંભળવા મુજબ એક પેપર-લેખ જે ભગત મનજી.........ના ઘરે રહી ગયો છે તે મંગાવ્યો છે તેથી તેના સંબંધમાં મારાથી હમણાં તો કાંઇ બોલાય તેમ નથી તે આવે અને જાહેરમાં થાય ત્યારે વાત. પણ હમણાં તો મને ઉપરવાળો વિનંતી પત્ર વાંચીને ઉગમણા પાચાડાના સતપંથી ભાઇઓ ઉપર ખુબ હસવું જ આવે છે કારણ કે આજે આખી દુનિયામાં ઢંઢેરો પીટાઇ રહયો છે કે પીરાણાપંથ મુસલમાની પંથ છે તેથી આપણને વટલાવે છે છતાંપણ હજુ આગેવાનોને પૂછે છે કે આપણે પીરાણાપંથી છીએ કોણ હિન્દુ કે મુસલમાન? ભાઇઓ કોઇપણ મુરખ માણસને પણ પુછી જુઓ કે જે ધર્મમાં બીસમીલાહર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા તે ઇદર ઇમામશાહ સુત નર અલી મહમદશાહ અને હક લાયલા ઇલ્લા મહમદ રસુલીલ્લા વીગેરે કલમા પડાતા હોય અને જે ધર્મના ધર્મ ગુરૂઓ સૈયદો હોય તેમજ તેના અનુયાયીઓ મુડદાંને દાટતા હોય તેની પાછળ જારત વીગેરે ક્રિયાઓ કરતા હોય તેમજ પોતાના છોકરાંઓને વેદવિધિ અનુસાર ચોરી બાંધીને નહીં પણ ઇજ બીસમીલાના કલમાથી નીકા પડાવતા હોય તેમજ રમજાન મહીનાના રોજા વિગેરે જરૂરી ક્રિયાઓ પણ કરતા હોય. ઉઠતે અલ્લા બેસતે અલ્લા એમ દરેક કામની વખતે પણ બીસમીલા બોલતા હોય તે ધર્મ હિન્દુ ધર્મ છે એમ કહેવાય? તો તે પણ તમોને જરૂરથી ચોખું સમજાવી દેશે કે તેતો સાફ છે કે તે પીરાણાપંથ મુસલમાનીપંથ છે તેથી બંધુઓ! તમો હજી પણ ઇશ્વરનો ઉપકાર માનો કે તે ચંડાળોએ તમોને અભક્ષાભક્ષ નથી કરાવ્યો તેથી આજ દિવસ સુધી હિન્દુપણાનું તમારૂં અભીમાન રહ્યું છે. ખેર જાગ્યા ત્યારથી સવાર ગણીને એ સતપંથીઓની સંગત મુકો તોપણ બસ છે.

સાંભળવા મુજબ અહીં આવેલા મગવાણાની પટેલ હીરા ખીમાએ પીરાણે સૈયદોના ઘરે અનેકવાર માજીમાઓની રાંધેલી સેવું ખુબ ખાધીઉ છે તેમજ સાથે તેમના ઘરની કઢી પણ ખૂબ તાણી તાણીને પીધી છે જો આ વાત સાચી હોય તો પટેલ હીરા ખીમા તથા તેમને ઘરમાં બેસીને જમાડનારા ભાઇઓને ધન્યવાદને સાથે ધિક્કારજ આપવો જોઇએ પણ એ વાત બનવી અસંભવીત જેવી છે ખેર તેતો બિચારા પોતાના મતલબને જ પીટે છે. "વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો" તેમજ "ફટ, ચો બુડ ચો. પણ હેમ ભાણેમેં વેઝ" તે મુજબજ એકજ સિધ્ધાંતને માની લીધો છે કરાચીમાં આવ્યા છે તે પણ તમારી પાસે જરૂરથા કાંઇનેકાંઇ આસરો લેવાનેજ. કારણકે તેમના કરતુકના સંબંધી એક વાત ઉડી છે કે કોઇ બાબત ઉપરથી રોહાના ઠાકોરશ્રી હમીરસિહજી સાહેબે તેઓને રજા આપી છે કે ગમે ત્યાં જા (આ વાતમાં સત્ય કેટલું છે તેતો પટેલશ્રી પોતે ખુલું કરે તો જણાય બાકી હમણાં તો અનેક ગોળાઓ ઉડે છે) તેથી તે તમારી પાસે કાંઇક ખરચ પાણીનો તથા રહેવાનો આસરો લેવાને આવ્યા છે તેવી હમણાં ખુબ ચર્ચાઓ થાય છે.

મનજી..........ભગત રસલીઆવાળો આવેલ છે તે બિચારો વૃદ્ધ માણસ છે તેથી તેમને તો મારાથી વધારે કહેવાયજ નહિ પણ હું તેમને એક વાત યાદ દેવરાવીશ કે તેઓશ્રીએ તથા તેમના સંગતી મુખી દેવશી લધા રવાપુરવાળા વીગેરે આઠ જણે આપણી જ્ઞાતિના માટે આઠ કાયદાઓ શાં. ૧૯૬૫ થી ૭૦ લગભગમાં ઘડયા છે જે હજીપણ રવાપુરના ખાનાના ચોપડામાં મોજુદ હશે તે કાયદાઓમાં ને મંડળવારા ભાઇઓ જે કાયદા કહે છે તેમાં ફેર કેટલો છે તેમજ શાં. ૧૯૭૭ની શાલમાં ત્રણ પાચાડાની નાત વથાણ ગામે ભેગી થઇ હતી ત્યારે ખાનામાં ઉભા થઇને ભગતશ્રીએ એક દુવા વાંચી હતી જે છોકરાઓને કાંકણ બાંધવાની તેની આગળનો ભાગ જે બીસમીલા હર રહેમાન તથા નીચેનો ભાગ હક લાયલાના કલમાનો મુકી શામાટે દીધો હતો તે વખતે તો તેઓ જવાબમાં બોલ્યા હતા કે આ આપણને શોભતુ નથી આવું કહેનાર ભગતશ્રી હમણાં જે ચેલાઓ મુંડે છે તેને "કેવળ ઇમામ" આ નામનો ગુરૂ શબ્દ આપતા હોય તો પછી દળી દળીને કુલડીમાં ઉધરાવ્યા જેવું થાય હું ભગત મનજીને કહીશ કે ભગત બાપા! તમારી હવે છેલ્લી અવસ્થા છે તેથી કાંઇક પણ જ્ઞાતિનું ભલું થાય અને જ્ઞાતિ આ પાપી પંથમાંથી છુટી જાય તો તેની આશીશથી તમારી છેલ્લી ઘડી સોહેલી થાય એવું કરો તો ઠીક કહેવાય.

પીરાણાના પૂજારી કાકા રવજીને તો હું કાંઇ કહું તે કરતાં કાકાશ્રી પોતે કાંઇક વિચારે તો વધારે સારૂં કારણ કે પોતે કુર્મી ક્ષત્રિયના બાળ થઇને મુસલમાની પીર ઇમામશાહના નામનો ભેખ લઇ બેઠા છે તે પણ લજાવે નહિ તો સારૂં કારણ કે સાધુ થઇને ગપા મારવા તે તેને ન શોભે. જુઓને કાકાશ્રી આવ્યા કે વાત કરી કે પીરાણામાંથી પીરની કબર ઉપરથી તોરણોની ચોરી થવા માંડી પણ ચોર પકરાણો નહિ.

પાંચ તોરણ ચોરી ગયા પછી છઠું તોરણ લેવા આવ્યો એટલે તે અંધો થઇ ગયો શું આ નાની શુની ગપ કહેવાય? પાંચ તોરણ ચોર્યા તે વખતે પીર ઇમામશાહ કે નરઅલી મહમદશાહ પીરાણાની દરગાહની ગાયું ચારવા ગયા હશે પણ માજી બીબી ફાતમા તો ત્યાં રશોઇ કરવાને ઘરની રખેવાળી કરવા ત્યાંજ રહયાં હશેજ છતાંપણ તેણે પણ શું ચોર ન દીઠો? આવી આવી વાતું કરેથી પીરાણાનો મહાતમ હવે વધવાનો નથી કાકાશ્રી તે ગપનો અને અંધ શ્રદ્ધાનો જમાનો હવે ગયો હવે તો આ વાત કરવાથી કરાચીની બજારમાં તમારી સાધુપણાની કીંમત કેટલી થઇ છે તેતો જુઓ હવેતો વિશમી સદીનો જમાનો છે તે જાગતો છે. તેમાં તમારી ગપોળ કથાને કાગળની બેડીથી બાવે માણસોને તાર્યાં એ વાત મનાય એમ નથી તેથી ચેતીને બોલતા જાઓ નકા વધારે ન કરતા ટાઢામાં સંકેલો તો સારૂં કહેવાય.

હવે હું પીરાણા પંથી સતપંથી કણબી ભાઇઓને કહુ છું કે, તમો હવે તો ખુબ ધરાઇ ગયા હશો તમો તો કેટલીએ આશા રાખી હશે કે આગેવાનો આવ્યા ને કાકો આવે એટલે અમો મંડળવારાને સીધા કરીએ પણ તેના બદલામાં તો તમારૂં જ સોયલું અને ઝાપટેલ પાધરૂં થઇ રહ્યુ ને સવાલ ઉભો થયો કે પીરાણાપંથી છે કોણ? "હિન્દુ કે મુસલમાન." તેથી ભાઇઓ આવેલા મહેમાનોને ઝટ વિદાય આપો નહિતો કરાચીમાં કયાંય પણ તમારો ધડો થશે નહિ તેથી ન ઘરના કે ન ઘાટના થશો. એટલે ન હિન્દુ ન મુસલમાન એવી રીતે બેય બાજુથી તગડાશો એજ તમારા જાણવા જેવું જ અત્રે લખ્યું છે વધારે લેખ આવશે ને તમો જાહેર કરશો ત્યારે વાત. હાલતો ભાઇઓ રામ રામ છે.

કરાચી,
તા. ૧-૧-૩૭.
હરચંદરાયના પ્લોટ
નાં. ૧૫માં નસરવાનજીની
મીલની બાજુમાં,
લોરેન્સ રોડ, કરાચી.

લી० જ્ઞાતિ સેવક,
રૈયા નાગજી પટેલ,
ગામ નખત્રાણાના ચોધરી.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ–કરાચી.

કચ્છી કડવા પાટીદાર પત્રિકા નાં ૩

પીરાણાપંથી પાટીદાર ભાઇઓને જાણવા જોગ.

મને કેટલાક ભાઇઓના તરફથી કહેવામાં આવે છે કે તમો કાંઇકપણ લખો પણ મને તો ઉગમણાં પાચાડાવાળા પીરાણાપંથી સતપંથી પાટીદાર ભાઇઓનો "વિનંતી પત્ર" જે તા. ૨૧-૧૨-૩૬ના રોજ બહાર પાડવામાં આવ્યો છે, તે વાંચીને એક વિચારજ આવે છે કે—પીરાણાપંથી કણબી જ્ઞાતિના આગેવાનોને તો "પાડાના પુંછડે પાણી ઢોળો તોએ શું અને ન ઢોળો તોએ શું" જુઓને આજે કેટલાય દિલસથી સુધારકો તેઓને કેવી કેવી ઉપમાઓ આપી રહ્યા છે છતાંપણ તેઓતો જાણે કાંઇપણ જાણતાજ ન હોય તેમ હજીપણ પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવુંજ લોકોને મનાવી રહ્યા છે.

કચ્છમાંથી જે ગદેરાઓ આવ્યા છે તેઓએ સાંભળવા મુજબ એક પેપર-લેખ જે ભગત મનજી........ના ઘરે રહી ગયો છે તે મંગાવ્યો છે તેથી તેના સંબંધમાં મારાથી હમણાં તો કાંઇ બોલાય તેમ નથી તે આવે અને જાહેરમાં થાય ત્યારે વાત. પણ હમણાં તો મને ઉપરવાળો વિનંતી પત્ર વાંચીને ઉગમણા પાચાડાના સતપંથી ભાઇઓ ઉપર ખુબ હસવું જ આવે છે કારણ કે આજે આખી દુનિયામાં ઢંઢેરો પીટાઇ રહયો છે કે પીરાણાપંથ મુસલમાની પંથ છે તેથી આપણને વટલાવે છે છતાંપણ હજુ આગેવાનોને પૂછે છે કે આપણે પીરાણાપંથી છીએ કોણ હિન્દુ કે મુસલમાન? ભાઇઓ કોઇપણ મુરખ માણસને પણ પુછી જુઓ કે જે ધર્મમાં બીસમીલાહર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા તે ઇદર ઇમામશાહ સુત નર અલી મહમદશાહ અને હક લાયલા ઇલ્લા મહમદ રસુલીલ્લા વીગેરે કલમા પડાતા હોય અને જે ધર્મના ધર્મ ગુરૂઓ સૈયદો હોય તેમજ તેના અનુયાયીઓ મુડદાંને દાટતા હોય તેની પાછળ જારત વીગેરે ક્રિયાઓ કરતા હોય તેમજ પોતાના છોકરાંઓને વેદવિધિ અનુસાર ચોરી બાંધીને નહીં પણ ઇજ બીસમીલાના કલમાથી નીકા પડાવતા હોય તેમજ રમજાન મહીનાના રોજા વિગેરે જરૂરી ક્રિયાઓ પણ કરતા હોય. ઉઠતે અલ્લા બેસતે અલ્લા એમ દરેક કામની વખતે પણ બીસમીલા બોલતા હોય તે ધર્મ હિન્દુ ધર્મ છે એમ કહેવાય? તો તે પણ તમોને જરૂરથી ચોખું સમજાવી દેશે કે તેતો સાફ છે કે તે પીરાણાપંથ મુસલમાનીપંથ છે તેથી બંધુઓ! તમો હજી પણ ઇશ્વરનો ઉપકાર માનો કે તે ચંડાળોએ તમોને અભક્ષાભક્ષ નથી કરાવ્યો તેથી આજ દિવસ સુધી હિન્દુપણાનું તમારૂં અભીમાન રહ્યું છે. ખેર જાગ્યા ત્યારથી સવાર ગણીને એ સતપંથીઓની સંગત મુકો તોપણ બસ છે.

સાંભળવા મુજબ અહીં આવેલા મગવાણાની પટેલ હીરા ખીમાએ પીરાણે સૈયદોના ઘરે અનેકવાર માજીમાઓની રાંધેલી સેવું ખુબ ખાધીઉ છે તેમજ સાથે તેમના ઘરની કઢી પણ ખૂબ તાણી તાણીને પીધી છે જો આ વાત સાચી હોય તો પટેલ હીરા ખીમા તથા તેમને ઘરમાં બેસીને જમાડનારા ભાઇઓને ધન્યવાદને સાથે ધિક્કારજ આપવો જોઇએ પણ એ વાત બનવી અસંભવીત જેવી છે ખેર તેતો બિચારા પોતાના મતલબને જ પીટે છે. "વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો" તેમજ "ફટ, ચો બુડ ચો. પણ હેમ ભાણેમેં વેઝ" તે મુજબજ એકજ સિધ્ધાંતને માની લીધો છે કરાચીમાં આવ્યા છે તે પણ તમારી પાસે જરૂરથી કાંઇનેકાંઇ આસરો લેવાનેજ. કારણકે તેમના કરતુકના સંબંધી એક વાત ઉડી છે કે કોઇ બાબત ઉપરથી રોહાના ઠાકોરશ્રી હમીરસિંહજી સાહેબે તેઓને રજા આપી છે કે ગમે ત્યાં જા (આ વાતમાં સત્ય કેટલું છે તેતો પટેલશ્રી પોતે ખુલું કરે તો જણાય બાકી હમણાં તો અનેક ગોળાઓ ઉડે છે) તેથી તે તમારી પાસે કાંઇક ખરચ પાણીનો તથા રહેવાનો આસરો લેવાને આવ્યા છે તેવી હમણાં ખુબ ચર્ચાઓ થાય છે.

મનજી............ભગત રસલીઆવાળો આવેલ છે તે બિચારો વૃદ્ધ માણસ છે તેથી તેમને તો મારાથી વધારે કહેવાયજ નહિ પણ હું તેમને એક વાત યાદ દેવરાવીશ કે તેઓશ્રીએ તથા તેમના સંગતી મુખી દેવશી લધા રવાપુરવાળા વીગેરે આઠ જણે આપણી જ્ઞાતિના માટે આઠ કાયદાઓ શાં. ૧૯૬૫ થી ૭૦ લગભગમાં ઘડયા છે જે હજીપણ રવાપુરના ખાનાના ચોપડામાં મોજુદ હશે તે કાયદાઓમાં ને મંડળવારા ભાઇઓ જે કાયદા કહે છે તેમાં ફેર કેટલો છે તેમજ શાં. ૧૯૭૭ની શાલમાં ત્રણ પાચાડાની નાત વથોણ ગામે ભેગી થઇ હતી ત્યારે ખાનામાં ઉભા થઇને ભગતશ્રીએ એક દુવા વાંચી હતી જે છોકરાઓને કાંકણ બાંધવાની તેની આગળનો ભાગ જે બીસમીલા હર રહેમાન તથા નીચેનો ભાગ હક લાયલાના કલમાનો મુકી શામાટે દીધો હતો તે વખતે તો તેઓ જવાબમાં બોલ્યા હતા કે આ આપણને શોભતુ નથી આવું કહેનાર ભગતશ્રી હમણાં જે ચેલાઓ મુંડે છે તેને "કેવળ ઇમામ" આ નામનો ગુરૂ શબ્દ આપતા હોય તો પછી હળી દળીને કુલડીમાં ઉધરાવ્યા જેવું થાય હું ભગત મનજીને કહીશ કે ભગત બાપા! તમારી હવે છેલ્લી અવસ્થા છે તેથી કાંઇક પણ જ્ઞાતિનું ભલું થાય અને જ્ઞાતિ આ પાપી પંથમાંથી છુટી જાય તો તેની આશીશથી તમારી છેલ્લી ઘડી સોહેલી થાય એવું કરો તો ઠીક કહેવાય.

પીરાણાના પૂજારી કાકા રવજીને તો હું કાંઇ કહું તે કરતાં કાકાશ્રી પોતે કાંઇક વિચારે તો વધારે સારૂં કારણ કે પોતે કુર્મી ક્ષત્રિયના બાળ થઇને મુસલમાની પીર ઇમામશાહના નામનો ભેખ લઇ બેઠા છે તે પણ લજાવે નહિ તો સારૂં કારણ કે સાધુ થઇને ગપા મારવા તે તેને ન શોભે. જુઓને કાકાશ્રી આવ્યા કે વાત કરી કે પીરાણામાંથી પીરની કબર ઉપરથી તોરણોની ચોરી થવા માંડી પણ ચોર પકરાણો નહિ.

પાંચ તોરણ ચોરી ગયા પછી છઠું તોરણ લેવા આવ્યો એટલે તે અંધો થઇ ગયો શું આ નાની શુની ગપ કહેવાય? પાંચ તોરણ ચોર્યા તે વખતે પીર ઇમામશાહ કે નરઅલી મહમદશાહ પીરાણાની દરગાહની ગાયું ચારવા ગયા હશે પણ માજી બીબી ફાતમા તો ત્યાં રશોઇ કરવાને ઘરની રખેવાળી કરવા ત્યાંજ રહયાં હશેજ છતાંપણ તેણે પણ શું ચોર ન દીઠો? આવી આવી વાતું કરેથી પીરાણાનો મહાતમ હવે વધવાનો નથી કાકાશ્રી તે ગપનો અને અંધ શ્રદ્ધાનો જમાનો હવે ગયો હવે તો આ વાત કરવાથી કરાચીની બજારમાં તમારી સાધુપણાની કીંમત કેટલી થઇ છે તેતો જુઓ હવેતો વિશમી સદીનો જમાનો છે તે જાગતો છે. તેમાં તમારી ગપોળ કથાને કાગળની બેડીથી બાવે માણસોને તાર્યા એ વાત મનાય એમ નથી તેથી ચેતીને બોલતા જાઓ નકા વધારે ન કરતા ટાઢામાં સંકેલો તો સારૂં કહેવાય.

હવે હું પીરાણા પંથી સતપંથી કણબી ભાઇઓને કહુ છું કે, તમો હવે તો ખુબ ધરાઇ ગયા હશો તમો તો કેટલીએ આશા રાખી હશે કે આગેવાનો આગ્યા ને કાકો આવે એટલે અમો મંડળવારાને સીધા કરીએ પણ તેના બદલામાં તો તમારૂં જ સોયલું અને ઝાપટેલ પાધરૂં થઇ રહ્યુ ને સવાલ ઉભો થયો કે પીરાણાપંથી છે કોણ? "હિન્દુ કે મુસલમાન." તેથી ભાઇઓ આવેલા મહેમાનોને ઝટ વિદાય આપો નહિતો કરાચીમાં કયાંય પણ તમારો ઘડો થશે નહિ તેથી ન ઘરના કે ન ઘાટના થશો. એટલે ન હિન્દુ ન મુસલમાન એવી રીતે બેય બાજુથી તગડાશો એજ તમારા જાણવા જેવું જ અત્રે લખ્યું છે વધારે તો તમારો મંગાવેલ લેખ આવશે ને તમો જાહેર કરશો ત્યારે વાત. હાલતો ભાઇઓ રામ રામ છે.

લી૦ જ્ઞાતિ સેવક,
રૈયા નાગજી પટેલ,
ગામ નખત્રાણાના ચોધરી.

કરાચી,
તા. ૧-૧-૩૭.
હરચંદરાયના પ્લોટ
નાં. ૧૫માં નસરવાનજીની
મીલની બાજુમાં,
લોરેન્સ રોડ, કરાચી.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ-કરાચી.